# પ્રસારભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-11-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

*****************************************************

1. બિહારમાં વિધાનસભા ચૂંટણીમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન – NDA ભવ્ય જીત તરફ આગળ
2. સાત રાજ્યોમાં આઠ વિધાનસભા બેઠકો માટે યોજાયેલી પેટાચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસે બે-બે બેઠકો જીતી
3. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિતના વરિષ્ઠ નેતાઓએ NDAને ઐતિહાસિક અને અભૂતપૂર્વ જનાદેશ આપવા બદલ બિહારના લોકોનો આભાર માન્યો
4. પ્રધાનમંત્રી આવતીકાલે ગુજરાત રાજ્યના પ્રવાસે આવશે.
5. કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે દક્ષિણ આફ્રિકા પ્રથમ દાવમાં 159 રનમાં ઓલઆઉટ - ભારતે 1 વિકેટે 37 રન કર્યા

……………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# BIHAR COUNTING

બિહારમાં વિધાનસભા ચૂંટણીમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન – NDA ભવ્ય જીત તરફ આગળ વધી રહ્યું છે. અત્યાર સુધી જાહેર થયેલા પરિણામ મુજબ, 145 પરિણામમાંથી 123 બેઠક NDAના પક્ષમાં ગઈ છે. જ્યારે 17 બેઠક મહાગઠબંધને જીતી છે. ઉપરાંત પાંચ બેઠક અન્ય પક્ષને મળી છે.

અત્યાર સુધી મળતા વલણ અને પરિણામ મુજબ, NDAને 202 બેઠક પર સરસાઈ મળી છે. તેમાં ભારતીય જનતા પાર્ટી 90, જનતા દળ યુનાઈટેડ 84, લોક જનશક્તિ પાર્ટી-રામવિલાસ 19, હિન્દુસ્તાની અવામ મોરચા - HAM સેક્યુલર પાંચ અને રાષ્ટ્રીય લોક મોરચા – RLM-એ ચાર બેઠક પર સરસાઈ મેળવી છે.

તો, મહાગઠબંધન કુલ 35 બેઠક પર આગળ છે. રાષ્ટ્રીય જનતા દળ 25, કૉન્ગ્રેસ છ, માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટી- ML- લૅનિન લિબરેશન બે, માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટી એક બેઠક પર આગળ છે. અન્ય ઉમેદવારો છ બેઠક પર આગળ છે. તેમાં ઑલ ઇન્ડિયા મજલિસ એ-ઇત્તેહાદૂલ મુસલમીન - AIMIM 5 બેઠક પર અને બહુજન સમાજ પાર્ટી એક બેઠક પર આગળ છે.

------------

# By-election counting

સાત રાજ્યોમાં આઠ વિધાનસભા બેઠકો માટે યોજાયેલી પેટાચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસે બે-બે બેઠકો જીતી છે. આમ આદમી પાર્ટી, પીડીપી અને મિઝો નેશનલ ફ્રન્ટે એક-એક બેઠક જીતી છે, જ્યારે જેએમએમ એક બેઠક પર આગળ છે.

-------------

## Prime Minister - Bihar Elections

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ જગત પ્રકાશ નડ્ડા અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે બિહારના લોકોનો ગઠબંધનને ઐતિહાસિક અને અભૂતપૂર્વ જનાદેશ આપવા બદલ આભાર વ્યક્ત કર્યો. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ આ જીતને વધાવી, તેને સુશાસન, વિકાસ, સામાજિક ન્યાય અને જન કલ્યાણનો વિજય ગણાવ્યો. તેમણે ભાર મૂક્યો કે આ પ્રચંડ જન સમર્થન સરકારને લોકોની સેવા કરવા અને બિહારની પ્રગતિ માટે નવા સંકલ્પ સાથે કામ કરવા માટે વધુ સશક્ત બનાવશે. ભાજપનાં નવી દિલ્હી સ્થિત મુખ્યાલય ખાતે પ્રધાનમંત્રી મોદીએ બિહારની જનતાનો આભાર વ્યક્ત કર્યો.

(બાઇટ- નરેન્દ્ર મોદી,,, આભાર)

શ્રી નડ્ડાએ જણાવ્યું હતું કે બિહારમાં NDAને મળેલો ઐતિહાસિક જન સમર્થન ડબલ-એન્જિન સરકારની વિકાસલક્ષી અને જન કલ્યાણકારી નીતિઓમાં જનતાના વિશ્વાસનો પુરાવો છે.

અમિત શાહે કહ્યું કે બિહારના લોકોનો દરેક મત ભારતની સુરક્ષા અને સંસાધનોને નુકસાન પહોંચાડનારાઓ અને તેમની સાથે સહાનુભૂતિ ધરાવતા

લોકો સામે સરકારની નીતિમાં તેમના વિશ્વાસનું પ્રતીક છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે NDA ને મળેલો પ્રચંડ જનાદેશ રાજ્યના વિકાસ, મહિલા સુરક્ષા, સુશાસન અને ગરીબોના કલ્યાણ પ્રત્યેની પ્રતિબદ્ધતા પર જનતાની મંજૂરીની મહોર છે.

-------------

## PM - Congratulations on the by-election

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જમ્મુ અને કાશ્મીરના નાગરોટા અને ઓડિશાના નુઆપાડાના લોકોનો પેટાચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના વિજય બદલ આભાર વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ નવા ચૂંટાયેલા ધારાસભ્યો દેવયાની રાણા અને જય ધોળકિયાને તેમની જીત બદલ અભિનંદન પાઠવ્યા હતા.

-------------

## Nithyananda - Bihar

કેન્દ્રીય મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા નિત્યાનંદ રાયે બિહાર વિધાનસભા ચૂંટણીમાં રાષ્ટ્રીય લોકશાહી જોડાણ- NDAને ઐતિહાસિક જનાદેશ આપવા બદલ બિહારના લોકોનો આભાર વ્યક્ત કર્યો. પટણામાં આકાશવાણી સાથે વાત કરતા શ્રી રાયે કહ્યું કે રાજ્યના લોકોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને NDA દ્વારા હાથ ધરવામાં આવેલા વિકાસ કાર્યોમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

-------------

# PM MODI GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ગુજરાત રાજ્યના પ્રવાસે આવશે. તેઓ આવતીકાલે સવારે સુરતના નિર્માણાધીન બૂલેટ ટ્રેન મથકની મુલાકાત લેશે. તેમજ 508 કિલોમીટરની લંબાઈના મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ કોરિડોરની પ્રગતિની સમીક્ષા કરશે, જે ભારતની સૌથી મહત્વાકાંક્ષી માળખાગત પરિયોજનાઓમાંથી એક છે. આ અંગે સુરતના કલેક્ટર ડૉક્ટર સૌરભ પારધીએ વધુ માહિતી આપી.

(BYTE: DR. SAURABH PARDHI, DISTRICT COLLECTOR, SURAT)

આ ઉપરાંત શ્રી મોદીની ઉપસ્થિતિમાં આવતીકાલે નર્મદામાં ભગવાન બિરસા મુંડાની દોઢસોમી જન્મજયંતી નિમિત્તે જનજાતીય ગૌરવ દિવસની રાષ્ટ્રીયકક્ષાની ઉજવણી કરાશે. ડેડિયાપાડા ખાતે યોજાનારા કાર્યક્રમમાં શ્રી મોદી કેન્દ્ર અને રાજ્ય સરકારના અંદાજે નવ હજાર 700 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોની ભેટ આપશે. સાંભળીએ અહેવાલ.

(V/C- AJAY INDREKAR)

*(..... નર્મદામાં આવતીકાલે રાષ્ટ્રીયકક્ષાના જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દેવમોગરા ધામમાં માતાજીની પૂજા-અર્ચના કરશે. સાતપુડાની ગિરિમાળામાં આવેલું આ ધામ આદિજાતિ સમાજના લોકોની શ્રદ્ધાનું કેન્દ્ર છે. દરમિયાન રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતના આદિજાતિ કલાકારો પરંપરાગત પરિવેશમાં શ્રી મોદીનું સ્વાગત કરશે. આ પ્રસંગે શ્રી મોદી કેન્દ્ર સરકાર તરફથી અંદાજે સાત હજાર 667 કરોડ અને રાજ્ય સરકાર તરફથી અંદાજે બે હજાર 112 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેમજ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી સભાને પણ સંબોધશે.*

અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)

-------------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

## President - Children's Day

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે બાળ દિવસ નિમિત્તે રાષ્ટ્રપતિ ભવનના સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે વિવિધ શાળાઓ અને સંગઠનોના બાળકો સાથે વાતચીત કરી. સોશિયલ મીડિયા સંદેશમાં રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે બાળકો દેશનું ભવિષ્ય છે અને તેમને આત્મવિશ્વાસુ અને જવાબદાર નાગરિક તરીકે વિકસાવવા મહત્વપૂર્ણ છે. રાષ્ટ્રપતિએ બાળકો સાથે કેટલીક ખુશીની ક્ષણો પણ શેર કરી, અને તેમાંથી કેટલાક બાળકોએ વંદે માતરમ ગાયું અને કવિતાઓ વાંચી.

-------------

## Vice President-CII Summit

આજે આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને 30મા CII પાર્ટનરશિપ સમિટ 2025નું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત ઝડપથી એક સમૃદ્ધ રાષ્ટ્ર તરીકે ઉભરી રહ્યું છે. ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ વધી રહ્યું છે અને એક મુખ્ય સ્ટાર્ટઅપ હબ તરીકે વિકાસ કરી રહ્યું છે.

આ પ્રસંગે, મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ કહ્યું કે રાજ્ય વ્યવસાય કરવાની સરળતા સાથે ઝડપી ગતિએ વ્યવસાય તરફ આગળ વધી રહ્યું છે. કેન્દ્રીય ઉદ્યોગમંત્રી પીયૂષ ગોયલે કહ્યું કે ભારત ટેક્નોલોજીનું લોકશાહીકરણ કરી રહ્યું છે અને વૈશ્વિક કરારો દ્વારા મુક્ત વેપારને મજબૂત બનાવી રહ્યું છે.

કેન્દ્રીય મંત્રીઓ, આંધ્રપ્રદેશના રાજ્યપાલ એસ. અબ્દુલ નઝીર, રાજ્ય મંત્રીઓ અને અન્ય ઘણા મહાનુભાવો આ પરિષદમાં હાજર રહ્યા હતા.

-------------

## Film Screening - All India Radio

બાળ દિવસ નિમિત્તે, આજે નવી દિલ્હીના આકાશવાણી ભવનમાં ફિલ્મ લિલીનું ખાસ સ્ક્રીનિંગ યોજાયું હતું.

પ્રસાર ભારતીના મુખ્ય કાર્યકારી અધિકારી ગૌરવ દ્વિવેદીએ આકાશવાણીને જણાવ્યું હતું કે બાળકોને એવી સામગ્રીથી પરિચિત કરાવવી જોઈએ જે તેમને મનોરંજક, શૈક્ષણિક અને પ્રેરણાદાયક જીવનશૈલી પ્રદાન

કરે. શ્રી દ્વિવેદીએ કહ્યું કે વેવ્ઝ ઓટીટી પ્લેટફોર્મ સ્વતંત્ર ફિલ્મ નિર્માતાઓ સાથે સહયોગ કરીને ખુશ છે.

-------------

## Election Commission - SIR

ચૂંટણી પંચે આજે જાહેરાત કરી હતી કે 4 નવેમ્બરના રોજ વિશેષ સઘન સુધારણા - SIR ના બીજા તબક્કાની કવાયત શરૂ થયા પછી, મતદારોને 46 કરોડથી વધુ મતગણતરી ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું છે, જે આ તબક્કામાં આવરી લેવામાં આવનાર કુલ 51 કરોડ મતદારોના 91 ટકા છે.

ઉત્તરપ્રદેશમાં 13 કરોડ 74 લાખથી વધુ મતગણતરી ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું છે. પશ્ચિમ બંગાળમાં લગભગ સાડા સાત કરોડ મતગણતરી ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું છે.

બીજા તબક્કામાં, ચૂંટણી પંચે નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં SIR શરૂ કર્યું છે. વર્તમાન મતગણતરી ફોર્મનું વિતરણ તબક્કો 4 ડિસેમ્બર સુધી ચાલુ રહેશે.

-------------

## CRICKET

કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટના પહેલા દિવસે ભારતે પોતાની પહેલી ઇનિંગમાં 1 વિકેટે 37 રન બનાવ્યા હતા.

અગાઉ, દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો, પરંતુ દક્ષિણ આફ્રિકાની ટીમ તેમની પહેલી ઇનિંગમાં 159 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતીય બોલરોએ ઇનિંગ પર પ્રભુત્વ જમાવ્યું હતું, જેમાં જસપ્રીત બુમરાહે પાંચ વિકેટ લીધી હતી, જ્યારે મોહમ્મદ સિરાજ અને કુલદીપ યાદવે બે-બે વિકેટ લીધી હતી.

-------------

## Archery Championship

ભારતે આજે ઢાકામાં એશિયન તીરંદાજી ચેમ્પિયનશિપ 2025માં એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી હતી, જેમાં ટોચના ક્રમાંકિત દક્ષિણ કોરિયા સામે રોમાંચક ફાઇનલમાં રિકર્વ મેન્સ ટીમ ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો.

-------------